ભક્તકવિ નરસિંહ મહેતા યુનિવર્સિટી, જુનાગઢ
(ગુજરાત પબ્લિક યુનિવર્સિટીઝ અધિનિયમ નં. ૧૫/૨૦૨૩)
BHAKTA KAVI NARSINH MEHTA UNIVERSITY, JUNAGADH
[ Gujarat Public Universities Act No. 15/2023 ]

आज़ादी का अमृत महोत्सव

# પરિપત્ર:

**વિષય: "સ્વસ્થ ગુજરાત, મેદસ્વિતા મુક્ત ગુજરાત"ની ઉજવણી કરવા બાબત.**
**સંદર્ભ: ઉચ્ચ શિક્ષણ કમિશનરશ્રીની કચેરીના પત્ર ક્રમાંક ઉશિન/રસય/ઉજવણી/૨૦૨૪-૨૫/૩૭૪૨-૪૨૪૨ તા.27/03/2025 મુજબ.**

ભક્તકવિ નરસિંહ મહેતા યુનિવર્સિટી સંલગ્ન જૂનાગઢ, ગીર સોમનાથ, પોરબંદર તેમજ દ્વારકા જીલ્લાની કોલેજોના આચાર્યશ્રીઓ તથા એન.એસ.એસ. પ્રોગ્રામ ઓફિસર્સને જણાવવાનું કે, WHO એ ઘણા વર્ષોથી વૈશ્વિક મેદસ્વિતાના સંકટને અત્યાવશ્યક રીતે સંબોધેલ છે. વર્ષ 2022માં 75મી વર્લ્ડ હેલ્થ એસેમ્બલી દરમિયાન, સભ્ય રાષ્ટ્રોએ મેદસ્વિતાની અટકાયત અને સંચાલન માટે નવી ભલામણો સ્વીકારીને મેદસ્વિતા રોકવા માટે WHO ના એક્સિલરેશન પ્લાનને મંજુરી આપેલ. ઉક્ત બાબતે મેદસ્વીતાની લોક જાગૃતિ આવે તેમજ સ્વાસ્થ્યનો વિચાર અંતિમ વ્યક્તિ સુધી પહોંચે અને રાજયના લોકો પર બિન ચેપી રોગોનું ભારણ ઘટે તે કારણોસર સમગ્ર રાજ્યમાં "સ્વસ્થ ગુજરાત, મેદસ્વિતા મુક્ત ગુજરાત અભિયાન" ની ઉજવણી ઉક્ત સંદર્ભ પત્ર અનુસર કરવા જણાવવામાં આવે છે, **જેમાં 'સ્વસ્થ ગુજરાત, મેદસ્વિતા મુક્ત ગુજરાત'ની થીમ પર સેમિનાર/વર્કશોપ, કોલેજો દ્વારા અધ્યાપકોને આ કેમ્પેઈન સંદર્ભેની ખાસ પ્રકારની તાલીમ, કોલેજ કેન્ટીનમાં મિલેટ્સ (શ્રી અન્ન)નો પ્રચાર-પ્રસાર અને 'જંક ફૂડનો જાકારો' વિષય પર વક્તૃત્વ સ્પર્ધા, નિબંધ સ્પર્ધા જેવી સ્પર્ધાઓનું આયોજન કરવું** તેમજ **કાર્યક્રમના જીયો ટેગ ફોટા સાથે અહેવાલ તૈયાર કરી અને કાર્યક્રમની નાની વિડીયો ક્લીપની લીંક એન.એસ.એસ. વિભાગના ઈમેઈલ આઈડી** nss@bknmu.edu.in **પર મોકલવાના રહેશે. ઉક્ત કાર્યક્રમ માટે સામેલ પરીપત્રને અનુસરવાનું રહેશે.**

બીડાણ: (1) **ઉચ્ચ શિક્ષણ કમિશનરશ્રીની કચેરીના પત્ર ક્રમાંક ઉશિન/રસય/ઉજવણી/૨૦૨૪-૨૫/૩૭૪૨-૪૨૪૨ તા.27/03/2025**

પ્રો. કો-ઓર્ડીનેટરશ્રી
એન.એસ.એસ. વિભાગ
ભક્તકવિ નરસિંહ મહેતા યુનિવર્સિટી
જુનાગઢ

ક્રમાંક/બીકેએનએમયુ/એન.એસ.એસ./49/2025
ભક્તકવિ નરસિંહ મહેતા યુનિવર્સિટી,ગવર્મેન્ટ પોલીટેકનીક કેમ્પસ,
ભક્તકવિ નરસિંહ મહેતા યુનિવર્સિટી રોડ, ખડીયા, જુનાગઢ.
તા. 17/04/2025

પ્રતિ,
ભક્તકવિ નરસિંહ મહેતા યુનિવર્સિટી સંલગ્ન કોલેજો, એન.એસ.એસ. યુનિટ ધરાવતી તમામ કોલેજોના આચાર્યશ્રીઓ
તથા એન.એસ.એસ. પ્રોગ્રામ ઓફિસર્સ તરફ.

નકલ રવાના જાણ અર્થે :

- માન. કુલપતિશ્રી / કુલસચિવશ્રીના અંગત સચિવશ્રી,
- રાજ્ય એન.એસ.એસ. અધિકારી, ઉચ્ચ શિક્ષણ કમિશનરની કચેરી, ગુ.રા., ગાંધીનગર.
- આઈ.ટી. સેલ (પરિપત્ર વેબસાઈટ પર અપલોડ કરવા)

સરકારી પોલીટેકનીક કેમ્પસ,
ભક્તકવિ નરસિંહ મહેતા યુનિવર્સિટી રોડ,
ખડીયા, જુનાગઢ–૩૬૨ ૨૬૩, ગુજરાત(ભારત)
ફોન નં.૦૨૮૫–૨૬૮૧૪૦૦ / ફેક્સ નં.૦૨૮૫–૨૬૮૧૫૦૩

Government Polytechnic Campus,
Bhakta Kavi Narsinh Mehta University Road,
Khadiya, Junagadh-362263 (Gujarat)
Ph: 0285-2681400 Fax: 0285-2681503

: www.bknmu.edu.in || nss@bknmu.edu.in

# ઉચ્ચ શિક્ષણ કમિશનરશ્રીની કચેરી

એન.એસ.એસ. શાખા, બ્લોક નં.૧૨/૨, બીજો માળ, ડૉ. જીવરાજ મહેતા ભવન,
ગાંધીનગર, ગુજરાત રાજ્ય.

જા.ક્ર. :- ઉશિન/રસય/ઉજવણી/૨૦૨૪-૨૫/ ૩૫૫૨-૫૨૫૨ તા.૨૭/૦૩/૨૦૨૫

પ્રતિ,

**રજીસ્ટ્રારશ્રી**,સરકારી ,અનુદાનિત, બિનઅનુદાનિત યુનિવર્સીટી તમામ,
**આચાર્યશ્રી**, સરકારી ,અનુદાનિત, બિનઅનુદાનિત કોલેજો તમામ,
**પોગ્રામ કૉ.ઓર્ડિનેટરશ્રી**, એન.એસ.એસ. સંલગ્ન યુનિવર્સિટી તમામ.

**વિષય:- ગુજરાત રાજ્યમાં "સ્વસ્થ ગુજરાત, મેદસ્વિતા મુક્ત ગુજરાત" ઉજવણી કરવા બાબત.**
**સંદર્ભ:-સામાન્ય વહીવટ વિભાગ, સચિવાલય, ગાંધીનગરના પત્રક્રમાંક: GAD/MSM/e-file/1/2025/1839/GH(protocol)-Secion નો તા.26/03/2025 નો પત્ર**

ઉપરોક્ત વિષય તેમજ **સામાન્ય વહીવટ વિભાગના** તા.૨૬/૦૩/૨૦૨૫ના સંદર્ભદર્શિત પત્ર અન્વયે જણાવવાનું કે World Health Organization (WHO) એ ઘણા વર્ષોથી વૈશ્વિક મેદસ્વિતાના સંકટને અત્યાવશ્યક રીતે સંબોધેલ છે. વર્લ્ડ હેલ્થ એસેમ્બલીએ ગ્લોબલ ન્યુટ્રિશન ટાર્ગેટ્સ, જે બાળપણમાં મેદસ્વિતામાં વધારો ન થાય તેની ખાતરી કરવા માટે અને 2025 સુધીમાં ડાયાબિટીસ અને મેદસ્વિતામાં વધારો અટકાવવાના NCD ટાર્ગેટ્સને WHO સભ્ય રાષ્ટ્રોએ મંજૂરી આપી છે. વધુમાં, સને ૨૦૨૨ માં ૭૫મી વર્લ્ડ હેલ્થ એસેમ્બલી દરમિયાન, સભ્ય રાષ્ટ્રોએ મેદસ્વિતાની અટકાયત અને સંચાલન માટે નવી ભલામણો સ્વીકારી, મેદસ્વિતા રોકવા માટે WHO ના એક્સિલરેશન પ્લાનને મંજૂરી આપેલ. આ મંજૂરી પછી, એક્સિલરેશન પ્લાનને જરૂરી વાતાવરણ પુરું પાડી, નીતિઓને સુવ્યવસ્થિત કરવા તથા વિવિધ દેશોમાં અમલીકરણને ટેકો આપ્યો છે અને રાષ્ટ્રીય અને વૈશ્વિક સ્તરે જવાબદારી મજબૂત કરવાની પહેલ કરી છે.

ઉક્ત બાબતે મેદસ્વીતા બાબતે વ્યક્તિઓમાં જાગૃતિ આવે , સ્વસ્થાનો વિચાર અંતિમ વ્યક્તિ સુધી પહોંચે તેમજ રાજ્યના લોકો પર બિન ચેપી રોગોનું ભારણ ઘટે તે કારણોસર સમગ્ર રાજ્યમાં "સ્વસ્થ ગુજરાત,મેદસ્વિતા મુક્ત ગુજરાત અભિયાન"ની ઉજવણી કરવા જણાવવામાં આવે છે. આ ઉજવણીને ભવ્ય રીતે સફળ બનાવવા માટે અમે તમારા અમૂલ્ય સહયોગની અપેક્ષા રાખીએ છીએ.

રાજ્ય એન. એસ. એસ. અધિકારી
ઉચ્ચ શિક્ષણ કમિશનરની કચેરી,
ગુ.રા.,ગાંધીનગર

બીડાણ: ઉપર મુજબ

ગુજરાત રાજ્યમાં 'સ્વસ્થ ગુજરાત, મેદસ્વિતા મુક્ત ગુજરાત અભિયાન'ની ઉજવણી કરવા બાબત

ગુજરાત સરકાર
સામાન્ય વહીવટ વિભાગ
સચિવાલય, ગાંધીનગર

ઠરાવ ક્રમાંક: GAD/MSM/e-file/1/2025/1839/GH (Protocol) – Section
તા.૨૬-૦૩-૨૦૨૫

**પ્રસ્તાવના:**

વર્તમાન સમયમાં જીવનશૈલીમાં બદલાવો જેવા કે વધુ પડતો સ્ક્રીન ટાઇમ, ખોરાક – નિદ્રાના સમયગાળામાં ફેરફાર, શારીરીક કસરત થાય તેવી પ્રવૃત્તિઓમાં ઘટાડો વગેરેને કારણે સમગ્ર વિશ્વમાં મેદસ્વિતા ધરાવતા અને સરેરાશ વજન કરતા વધારે વજન ધરાવતા લોકોની સંખ્યામાં સતત વધારો જોવા મળી રહ્યો છે; જેને કારણે ડાયાબિટિસ, કાર્ડિયોવેસ્ક્યુલાર ડિસિઝ, પાચનતંત્રને સંલગ્ન રોગો વગેરે જેવા બીન ચેપી રોગ (Non Communicable Diseases)ના દર્દીઓની સંખ્યા વધી છે. વિશ્વ આરોગ્ય સંસ્થા દ્વારા પ્રસિધ્ધ કરવામાં આવેલ આંકડાઓ મુજબ વિશ્વમાં દર આંઠ વ્યક્તિઓ પૈકી એક વ્યક્તિ મેદસ્વિતા ધરાવે છે. વિશ્વમાં ૧૮ વર્ષથી ઉપરના લોકો પૈકીના ૪૩% લોકો સરેરાશ વજન કરતા વધુ વજન ધરાવે છે અને ૧૬% લોકો મેદસ્વિતા ધરાવે છે.

આયુષ્માન ભારત હેલ્થ વેલ્નેસ સેન્ટર યોજના હેઠળ, સમગ્ર પ્રાથમિક આરોગ્ય સંભાળ (Comprehensive Primary Health Care) દ્વારા NCDs (બીન ચેપી રોગો) ને નિવારવાના પાસાઓને મજબૂત બનાવવામાં આવ્યા છે; જેમાં સામુહિક સ્તરે આરોગ્ય સુખાકારી પ્રવૃત્તિઓ અને લક્ષ આધારીત સંચારને પ્રોત્સાહન આપવામાં આવે છે. સ્વસ્થ જીવનશૈલીને પ્રોત્સાહન આપવા માટે જાહેર જાગૃતિ વધારવા માટેની અન્ય પહેલોમાં પ્રિન્ટ, ઇલેક્ટ્રોનિક અને સોશિયલ મીડિયાનો ઉપયોગ કરીને સામુહિક જાગૃતિ ફેલાવવામાં આવે છે.

World Health Organization (WHO) એ ઘણા વર્ષોથી વૈશ્વિક મેદસ્વિતાના સંકટને અત્યાવશ્યક રીતે સંબોધેલ છે. વર્લ્ડ હેલ્થ એસેમ્બલીએ ગ્લોબલ ન્યુટ્રિશન ટાર્ગેટ્સ, જે બાળપણમાં મેદસ્વિતામાં વધારો ન થાય તેની ખાતરી કરવા માટે અને 2025 સુધીમાં ડાયાબિટીસ અને મેદસ્વિતામાં વધારો અટકાવવાના NCD ટાર્ગેટ્સને WHO સભ્ય રાષ્ટ્રોએ મંજૂરી આપી છે. વધુમાં, સને ૨૦૨૨ માં ૭૫મી વર્લ્ડ હેલ્થ એસેમ્બલી દરમિયાન, સભ્ય રાષ્ટ્રોએ મેદસ્વિતાની અટકાયત અને સંચાલન માટે નવી ભલામણો સ્વીકારી, મેદસ્વિતા રોકવા માટે WHO ના એક્સિલરેશન પ્લાનને મંજૂરી આપેલ. આ મંજૂરી પછી, એક્સિલરેશન પ્લાનને જરૂરી વાતાવરણ પુરું પાડી, નીતિઓને સુવ્યવસ્થિત કરવા તથા વિવિધ દેશોમાં અમલીકરણને ટેકો આપ્યો છે અને રાષ્ટ્રીય અને વૈશ્વિક સ્તરે જવાબદારી મજબૂત કરવાની પહેલ કરી છે.

**'પહેલું સુખ તે જાતે નર્યા'** એ પ્રત્યેક વ્યક્તિ માટે પાયાની અને આવશ્યક બાબત બને, મેદસ્વિતા પ્રત્યે લોકોમાં જાગૃતિ આવે, સ્વસ્થતાનો આ વિચાર અંતિમ વ્યક્તિ સુધી પહોંચે તેમજ રાજ્યના લોકો પર બીન ચેપી રોગોનું ભારણ ઘટે, તે કારણોસર સમગ્ર રાજ્યમાં **'સ્વસ્થ ગુજરાત, મેદસ્વિતા મુક્ત ગુજરાત અભિયાન'**ની ઉજવણી કરવાની બાબત વિચારણા હેઠળ હતી.

**ઠરાવ:**

સ્વસ્થ ગુજરાત, મેદસ્વિતા મુક્ત ગુજરાત અભિયાનની રૂપરેખા નક્કી કરવા માટે અને સમગ્ર કાર્યક્રમનું અસરકારક આયોજન થાય તે માટે નીચે મુજબની Steering Committeeની રચના કરવામાં આવે છે.

## Steering Committee

| અનુ. નં. | નામ | હોદ્દો |
|---|---|---|
| 1. | શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલ (માન. મુખ્યમંત્રીશ્રી, ગુજરાત) | ચેરમેન |
| 2. | શ્રી ઋષિકેશભાઈ પટેલ (માન. મંત્રીશ્રી આરોગ્ય, પરિવાર કલ્યાણ અને તબીબી શિક્ષણ, ઉચ્ચ અને તાંત્રિક શિક્ષણ, કાયદો, ન્યાયતંત્ર, વૈધાનિક અને સંસદીય બાબતો, ગુજરાત) | સભ્ય |
| 3. | ડૉ. કુબેરભાઈ ડીંડોર (માન. મંત્રીશ્રી, આદિજાતિ વિકાસ, પ્રાથમિક- માધ્યમિક અને પ્રૌઢ શિક્ષણ, ગુજરાત) | સભ્ય |
| 4. | શ્રીમતી ભાનુબેન બાબરીયા (માન. મંત્રીશ્રી, સામાજિક ન્યાય અને અધિકારિતા, મહિલા અને બાળ કલ્યાણ, ગુજરાત) | સભ્ય |
| 5. | શ્રી હર્ષભાઈ સંઘવી (માન, રાજ્યકક્ષા મંત્રીશ્રી, રમતગમત અને યુવક સેવા, સ્વૈચ્છિક સંસ્થાઓનું સંકલન, બિનનિવાસી ગુજરાતીનો પ્રભાગ. વાહન-વ્યવહાર, ગૃહ રક્ષક દળ અને ગ્રામ રક્ષક દળ, નાગરિક સંરક્ષણ, જેલ, સરહદી સુરક્ષા (તમામ સ્વતંત્ર હવાલો), ગૃહ અને પોલીસ હાઉસિંગ, ઉદ્યોગ, સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ (રાજ્યકક્ષા), ગુજરાત) | સભ્ય |
| 6. | શ્રી જગદીશ વિશ્વકર્મા (માન. રાજ્યકક્ષા મંત્રીશ્રી, સહકાર, મીઠા ઉદ્યોગ, છાપકામ અને લેખન સામગ્રી, પ્રોટોકલ (તમામ સ્વતંત્ર હવાલો), લઘુ સૂક્ષ્મ અને મધ્યમ ઉદ્યોગ, કુટિર, ખાદી અને ગ્રામોદ્યોગ, નાગરિક ઉડ્ડયન (રાજ્યકક્ષા), ગુજરાત) | સભ્ય |
| 7. | શ્રી પંકજ જોષી (મુખ્ય સચિવશ્રી, ગુજરાત) | સભ્ય |
| 8. | શ્રી કમલ દયાની (અધિક મુખ્ય સચિવશ્રી, (ક.ગ.) સામાન્ય વહીવટ વિભાગ) | સભ્ય સચિવ |
| 9. | શ્રી એમ. કે. દાસ (માન મુખ્યમંત્રીશ્રીના અધિક મુખ્ય સચિવશ્રી) | સભ્ય |
| 10. | ડૉ. અંજુ શર્મા (અધિક મુખ્ય સચિવશ્રી, કૃષિ, ખેડૂત કલ્યાણ અને સહકાર વિભાગ) | સભ્ય |
| 11. | શ્રી મમતા વર્મા (અગ્ર સચિવશ્રી, ઉદ્યોગ અને ખાણ-ખનિજ વિભાગ) | સભ્ય |
| 12. | શ્રી મુકેશ કુમાર (અગ્ર સચિવશ્રી, પ્રાથમિક અને માધ્યમિક શિક્ષણ પ્રભાગ, શિક્ષણ વિભાગ) | સભ્ય |
| 13. | શ્રી અશ્વનીકુમાર (અગ્ર સચિવશ્રી, શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગ તથા વૈધાનીક અને સંસદીય બાબતોનો વિભાગ) | સભ્ય |
| 14. | શ્રી ધનંજય દ્વિવેદી (અગ્ર સચિવશ્રી, આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ) | સભ્ય |
| 15. | શ્રી એમ. થેન્નારસન (અગ્ર સચિવશ્રી, યુવા, સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ અને રમતગમત વિભાગ) | સભ્ય |
| 16. | શ્રી સંદિપકુમાર (સચિવશ્રી, સહકાર, પશુપાલન અને મત્સ્ય પ્રભાગ, કૃષિ, ખેડૂત કલ્યાણ અને સહકાર વિભાગ ) | સભ્ય |
| 17. | શ્રી અવંતિકા સિંઘ (માન. મુખ્યમંત્રીશ્રીના સચિવશ્રી) | સભ્ય |
| 18. | શ્રી રાજેન્દ્ર કુમાર (સચિવશ્રી, પ્રવાસન, દેવસ્થાન વ્યવસ્થાપન, નાગરીક ઉડ્ડયન અને યાત્રાધામ પ્રભાગ, ઉદ્યોગ અને ખાણ વિભાગ) | સભ્ય |
| 19. | શ્રી રાકેશ શંકર (સચિવશ્રી, મહિલા અને બાળકલ્યાણ વિભાગ) | સભ્ય |

૨. Steering Committeeના દિશા નિર્દેશોનો અને નિર્ણયોનો સુચારુ અમલ થાય અને પ્રત્યેક કાર્યક્રમની સુયોગ્ય ઉજવણી થાય, તે માટે નીચે મુજબની Executive Committeeની રચના કરવામાં આવે છે.

**Executive Committee**

| અનુ. નં. | નામ | હોદ્દો |
|---|---|---|
| 1. | શ્રી પંકજ જોષી (મુખ્ય સચિવશ્રી, ગુજરાત) | ચેરમેન |
| 2. | શ્રી કમલ દયાની (અધિક મુખ્ય સચિવશ્રી, (ક.ગ.) સામાન્ય વહીવટ વિભાગ) | સભ્ય |
| 3. | શ્રી એમ. કે. દાસ (માન મુખ્યમંત્રીશ્રીના અધિક મુખ્ય સચિવશ્રી) | સભ્ય |
| 4. | ડૉ. અંજુ શર્મા (અધિક મુખ્ય સચિવશ્રી, કૃષિ, ખેડૂત કલ્યાણ અને સહકાર વિભાગ) | સભ્ય |
| 5. | શ્રી મમતા વર્મા (અગ્ર સચિવશ્રી, ઉદ્યોગ અને ખાણ-ખનિજ વિભાગ) | સભ્ય |
| 6. | શ્રી મુકેશ કુમાર (અગ્ર સચિવશ્રી, પ્રાથમિક અને માધ્યમિક શિક્ષણ પ્રભાગ, શિક્ષણ વિભાગ) | સભ્ય |
| 7. | શ્રી અશ્વનીકુમાર (અગ્ર સચિવશ્રી, શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગ તથા વૈધાનીક અને સંસદીય બાબતોનો વિભાગ) | સભ્ય |
| 8. | શ્રી ધનંજય દ્વિવેદી (અગ્ર સચિવશ્રી, આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ) | સભ્ય |
| 9. | શ્રી એમ. થેન્નારસન (અગ્ર સચિવશ્રી, યુવા, સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ અને રમતગમત વિભાગ) | સભ્ય |
| 10. | શ્રી સંદિપકુમાર (સચિવશ્રી, સહકાર, પશુપાલન અને મત્સ્ય પ્રભાગ, કૃષિ, ખેડૂત કલ્યાણ અને સહકાર વિભાગ) | સભ્ય |
| 11. | શ્રી અવંતિકા સિંઘ (માન. મુખ્યમંત્રીશ્રીના સચિવશ્રી) | સભ્ય |
| 12. | શ્રી રાજેન્દ્ર કુમાર (સચિવશ્રી, પ્રવાસન, દેવસ્થાન વ્યવસ્થાપન, નાગરીક ઉડ્ડયન અને યાત્રાધામ પ્રભાગ, ઉદ્યોગ અને ખાણ વિભાગ) | સભ્ય |
| 13. | શ્રી રાકેશ શંકર (સચિવશ્રી, મહિલા અને બાળકલ્યાણ વિભાગ) | સભ્ય |
| 14. | શ્રી આલોક પાંડે (કમિશનરશ્રી, યુવક સેવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ) | સભ્ય |
| 15. | શ્રી કે. એલ. બચાણી (માહિતી નિયામકશ્રી) | સભ્ય |
| 16. | શ્રી એન. વી. ઉપાધ્યાય, (રજિસ્ટ્રારશ્રી, સહકારી મંડળીઓ, ગુજરાત રાજ્ય, ગાંધીનગર) | સભ્ય |
| 17. | શ્રી ભવ્ય વર્મા (મિશન ડાયરેક્ટરશ્રી, સ્વચ્છ ભારત મિશન) | સભ્ય |
| 18. | શ્રી ગુરવ દિનેશ રમેશ (નિયામકશ્રી, ઉચ્ચ શિક્ષણ) | સભ્ય |
| 19. | શ્રી જ્વલંત ત્રિવેદી (અધિક સચિવશ્રી (પ્રોટોકોલ), સામાન્ય વહીવટ વિભાગ) | સભ્ય સચિવશ્રી |

૩. સ્વસ્થ ગુજરાત, મેદસ્વિતા મુક્ત ગુજરાત ઉજવણી નીચે મુજબના વિભાગોએ તેઓને સૂચવેલ કાર્યક્રમોનું આયોજન અને અમલીકરણ કરવાનું રહેશે.

| | |
|---|---|
| 1. | **શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગ**<br>• વિવિધ સ્થળોએ ફ્લેશમોબનું આયોજન.<br>• શહેરના ખ્યાતનામ ડોક્ટર્સ સાથે સંવાદ/પોડકાસ્ટ.<br>• રન ફોર હેલ્થનું આયોજન<br>• સાઈક્લાથોનનું આયોજન<br>• શહેરના વિવિધ RJ અને Social Media Influencers સાથે મેદસ્વિતામાંથી મુક્ત થયેલ લોકો સાથે સંવાદ<br>• સ્વસ્થ ગુજરાત, મેદસ્વિતા મુક્ત ગુજરાત રમતોત્સવનું આયોજન.<br>• ડિઝીટલ વોલ પેઈન્ટીંગ |

| | |
|---|---|
| 2. | **ગૃહ વિભાગ**<br>• ખાસ પરેડનું આયોજન<br>• પોલીસકર્મીઓમાં મેદસ્વિતા નાબૂદી અંગેની જાગૃતિ સંદર્ભે વિશેષ કાર્યક્રમ<br>• Fitness Tips by Police |
| 3. | **રમતગમત, યુવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિ વિભાગ**<br>• રમતવીરો અને રાજ્યના કલાકારો દ્વારા મેદસ્વિતા નાબૂદી અંગેના જાગૃતિ કાર્યક્રમો<br>• યોગ અને મેદસ્વિતા નાબૂદી વિષય પર ગોષ્ઠિ<br>• સ્વામી વિવેકાનંદ યુવા કેન્દ્રો દ્વારા ખાસ કાર્યક્રમોનું આયોજન<br>• મેદસ્વિતા નાબૂદી આધારિત નાટક શેરી નાટક/ડાયરા જેવા કાર્યક્રમોનું આયોજન<br>• વિવિધ સંગીતકારો, ચિત્રકારો દ્વારા પ્રચાર-પ્રસાર<br>• રાજ્યના વિવિધ સંપ્રદાય, સંતો થકી આ અંગેની જાગૃતિનો પ્રયાસ. |
| 4. | **પ્રવાસન વિભાગ**<br>• રાજ્યના અગત્યના સાંસ્કૃતિક પ્રવાસન સ્થળોએ સેલ્ફી પોઈન્ટ.<br>• સંબંધિત પ્રવાસન સ્થળે મેદસ્વિતા નાબૂદી અંગેનું બ્રાન્ડિંગ |
| 5. | **માહિતી અને પ્રસારણ વિભાગ**<br>• મેદસ્વિતા નાબૂદી અંગે જાગૃતિ આવે તે માટેની ફિલ્મ, TVCનું નિર્માણ<br>• હોર્ડિંગ્સ થકી બ્રાન્ડિંગનું આયોજન<br>• સોશિયલ મીડિયા થકી પ્રચાર-પ્રસાર<br>• વિવિધ કોન્કલેવનું આયોજન<br>• પ્રિન્ટ, ઈલેક્ટ્રોનિક માધ્યમોમાં પ્રચાર-પ્રસાર<br>• પોડકાસ્ટ અને એક્સપ્લેઈનર વિડીયો નિર્માણ |
| 6. | **સામાન્ય વહીવટ વિભાગ**<br>• રાજ્યના તમામ અધિકારીશ્રીઓ/કર્મચારીશ્રીઓને Health Tips, Routine, Dietની માહિતી સાથે Update રાખતી Mobile Applicationનું નિર્માણ, લોન્ચિંગ અને સંચાલન |
| 7. | **શિક્ષણ વિભાગ**<br>• ગુજરાતની તમામ કોલેજ, યુનિવર્સિટીમાં 'સ્વસ્થ ગુજરાત, મેદસ્વિતા મુક્ત ગુજરાત'ની થીમ પર સેમિનાર/વર્કશોપ<br>• કોલેજ અને યુનિવર્સિટીના અધ્યાપકોને આ કેમ્પેઈન સંદર્ભેની ખાસ પ્રકારની તાલીમ<br>• કોલેજ અને યુનિવર્સિટીની કેન્ટીનમાં મિલેટ્સ (શ્રી અન્ન)નો પ્રચાર-પ્રસાર.<br>• 'જંક ફૂડને જાકારો' વિષય પર વક્તૃત્વ સ્પર્ધા, નિબંધ સ્પર્ધા જેવી સ્પર્ધાઓનું આયોજન |
| 8. | **આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ**<br>• મેદસ્વિતા નાબૂદી અંગેના ખાસ પ્રકારના કાર્યક્રમોનું આયોજન<br>• મેદસ્વિતા નાબૂદી સંદર્ભે ધ્યાનમાં રાખવાની બાબતો અંગેના વિવિધ પ્રકાશન તૈયાર કરાવવા Dietician અને Nutritionist દ્વારા ખાસ OPD<br>ઉપરોક્ત કાર્યક્રમોમાં ખાસ કરીને નીચેની બાબતોનો સમાવેશ કરી શકાય:<br>1. સુરક્ષીત આહાર, જે સ્વસ્થ અને તંદુરસ્તીવર્ધક પોષણને પ્રોત્સાહન આપે<br>2. આરોગ્યપ્રદ આહાર, જે આહાર વિવિધતા અને સમૃદ્ધિકરણને પ્રોત્સાહન આપે<br>3. સંપોષિત આહાર જે જળ સંસાધનોના સંરક્ષણ, સ્થાનિક અને ઋતુગત આહાર લેવા જેવી પ્રવૃત્તિઓને પ્રોત્સાહન આપે. |
| 9. | **ઉદ્યોગ અને ખાણ વિભાગ**<br>• ઉદ્યોગપતિઓ દ્વારા આ અંગેનો પ્રચાર-પ્રસાર<br>• વિવિધ ઉદ્યોગ સમૂહોમાં તેમના કામદારો /કર્મચારી વર્ગમાં પ્રચાર-પ્રસાર |

| | |
|---|---|
| 10. | **મહિલા અને બાળ વિકાસ વિભાગ**<br>• મહિલા અને બાળકોમાં મેદસ્વિતા નાબૂદી અંગે જાગૃતિ આવે તે માટેના વિવિધ કાર્યક્રમોનું આયોજન<br>• મેદસ્વિતા નાબૂદી સપ્તાહનું આયોજન |
| 11. | **કૃષિ, ખેડૂત કલ્યાણ અને સહકાર વિભાગ**<br>• મિલેટ્સ (શ્રીઅન્ન) અંગે લોકોમાં જાગૃતિ આવે તે માટેના કાર્યક્રમોનું આયોજન<br>• સહકારી સંસ્થાઓના માધ્યમથી સ્વસ્થ ગુજરાત, મેદસ્વિતા મુક્ત ગુજરાત અભિયાનનો પ્રચાર-પ્રસાર<br>• સહકારી સંસ્થાઓ દ્વારા 'સ્વસ્થ ગુજરાત –મેદસ્વિતા મુક્ત ગુજરાત' અભિયાન અંગેના સેમિનારનું આયોજન<br>• આત્મા, FPO, FPC અને અન્ય ખેડૂતલક્ષી સંસ્થા/સંગઠન દ્વારા મેદસ્વિતા મુક્ત ગુજરાત અભિયાન અંગેના જાગૃતિ કાર્યક્રમો |

**આ ઉપરાંત અન્ય વિભાગોએ**

- પોતાના વિભાગો સાથે સંલગ્ન લાભાર્થીઓમાં મેદસ્વિતા નાબૂદી અંગેની જાગૃતિ આવે તે માટે વિવિધ પ્રવૃત્તિઓ કરવાની રહેશે.
- આ અભિયાનની ઉજવણી સમગ્ર વર્ષ દરમિયાન થાય તે માટે વિવિધ કાર્યક્રમોનું આયોજન કરી તેનું કેલેન્ડર બનાવી શકાય.
- પ્રત્યેક વિભાગના તથા વિભાગ હેઠળની તમામ કચેરીઓ તથા બોર્ડ કોર્પોરેશન વગેરેના અધિકારીશ્રીઓ/કર્મચારીશ્રીઓમાં પણ મેદસ્વિતા નાબૂદી અંગેની જાગૃતિ આવે તે માટેના કાર્યક્રમોનું આયોજન કરવાનું રહેશે.
- આ અભિયાન સંદર્ભે તૈયાર કરવામાં આવેલ મોબાઈલ એપમાં તમામ અધિકારીશ્રી અને કર્મચારીશ્રીઓની માહિતી નિયમિત પ્રમાણે મુકાય તે સુનિશ્ચિત કરવાનું રહેશે.

**વધુમાં**

- જિલ્લા કક્ષાએ જિલ્લા વહીવટી તંત્ર તથા તમામ સરકારી કચેરીઓ વચ્ચે સુચારુ રૂપે સંકલન સધાય તથા ઉજવણીના કાર્યક્રમોનું યથાયોગ્ય આયોજન તથા અમલીકરણ થાય, તેની તકેદારી જિલ્લા કલેક્ટરશ્રીએ રાખવાની રહેશે.
- પ્રસ્તુત ઉજવણીઓ માટે ઉજવણીને સંબંધિત નાણાંકીય ખર્ચ સંબંધિત વિભાગે તેમના બજેટના સંબંધિત સદર હેઠળ કરવાનો રહેશે.

પ્રસ્તુત ઠરાવ સમાન ક્રમાંકની ફાઈલ પર સરકારશ્રીની તા.૨૬-૦૩-૨૦૨૫ ની મંજૂરી અન્વયે પ્રસિદ્ધ કરવામાં આવે છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી તેમના તેમના નામે,

(જ્વલંત ત્રિવેદી)
અધિક સચિવ (પ્રોટોકોલ)
સામાન્ય વહીવટ વિભાગ

પ્રતિ

માન. રાજ્યપાલશ્રીના અગ્ર સચિવશ્રી, રાજભવન, ગાંધીનગર

માન. મુખ્ય મંત્રીશ્રીના અધિક મુખ્ય સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.

માન. અધ્યક્ષશ્રીના અંગત સચિવશ્રી, ગુજરાત વિધાનસભા સચિવાલય, ગાંધીનગર.

સર્વે માન. મંત્રીશ્રી / માન. રાજયકક્ષાના મંત્રીશ્રીના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર

માન. મુખ્ય દંડકશ્રી / નાયબ મુખ્ય દંડકશ્રી / દંડકશ્રીના અંગત સચિવશ્રી, ગુજરાત વિધાનસભા સચિવાલય, ગાંધીનગર.

મુખ્ય સચિવશ્રીના અધિક સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર

સચિવાલયના સર્વે વિભાગો (તેમની હસ્તકના બોર્ડ / કોર્પોરેશન અને ખાતાના વડા / કચેરીના વડાને જાણ કરવાની વિનંતી સહ )

- ➢ સચિવશ્રી, ગુજરાત માહિતી આયોગ, ગાંધીનગર.
- ➢ સચિવશ્રી, ગુજરાત જાહેર સેવા આયોગ, ગાંધીનગર.
- ➢ સચિવશ્રી, તકેદારી આયોગ, ગાંધીનગર.
- ➢ સચિવશ્રી, ગુજરાત વિધાનસભા સચિવાલય, ગાંધીનગર.
- ➢ સચિવશ્રી, માનવ અધિકાર આયોગ, ગાંધીનગર.
- ➢ સચિવશ્રી, લોકાયુકતશ્રીની કચેરી, ગાંધીનગર.
- ➢ સચિવશ્રી, ગુજરાત મુલ્કી સેવા ટ્રીબ્યુનલ, ગાંધીનગર.
- ➢ રજીસ્ટ્રાર જનરલશ્રી, ગુજરાત હાઇકોર્ટ, અમદાવાદ

સચિવશ્રી, ગુજરાત ગૌણ સેવા પસંદગી મંડળ, ગાંધીનગર.

પોલીસ મહાનિદેશક અને મુખ્ય પોલીસ અધિકારીશ્રી, ગુજરાત રાજ્ય, ગાંધીનગર.

સર્વે પોલીસ કમિશ્નરશ્રી / સર્વે મ્યુનિસિપલ કમિશનરશ્રી / સર્વે જિલ્લા કલેકટરશ્રી / સર્વે જિલ્લા પોલીસ અધિક્ષકશ્રી / સર્વે જિલ્લા વિકાસ અધિકારીશ્રી

માહિતી નિયામકશ્રી, ડૉ. જે.એમ.ભવન, ગાંધીનગર.. . . . . . **જરૂરી અખબારી યાદી પ્રસિધ્ધ કરવાની વિનંતી સહ.**

કમ્પ્યુટર સેલ, સામાન્ય વહીવટ વિભાગ, સચિવાલય, ગાંધીનગર તરફ – GSWAN અને GAD ની વેબસાઇટ પર પ્રસિધ્ધ કરવાની વિનંતી સહ.

➢ પત્ર દ્વારા